# રાજ્યમાં કોરોનાનો કહેર યથાવત : નવા ૩૪૦ કેસ

## ગુજરાતમાં હજુ સુધી ૧૨૭૮૫૯ ટેસ્ટ કરાયા : અમદાવાદમાં ૨૬૧ નવા કેસ, ૧૪ લોકોના મોત : સુરત ૩૨ વડોદરામાં ૧૫ અને રાજકોટમાં ૧૨ કેસ સપાટીએ

ગાંધીનગર,તા.૧૫

સમગ્ર ભારતમાં કોરોનાનો આતંક યથાવતરીતે જારી છે. દેશમાં અનેક રાજ્યોની સ્થિતિ ખુબ જ ખરાબ થયેલી છે જેમાં મહારાષ્ટ્ર, ગુજરાત સહિતના રાજ્યનો સમાવેશ થાય છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩૪૦ નવા કેસ સામે આવ્યા છે અને ૨૦ દર્દીના મૃત્યુ થયા છે.જ્યારે ૨૮૨ દર્દીને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. આમ અત્યાર સુધીમાં કોરોનાના કુલ ૯,૯૩૨ કેસ નોંધાયા છે અને મૃત્યુઆંક ૬૦૬એ પહોંચ્યો છે.

આરોગ્ય વિભાગના અગ્ર સચિવ જયંતિ રવિ વધુ વિગત આપતા જણાવ્યું હતું કે, રાજ્યમાં હજુ સુધી ૧૨૭૮૫૯ ટેસ્ટ કરવામાં આવ્યા છે જેમાં ૯૯૩૨નો રિપોર્ટ પોઝિટિવ અને ૧૧૭૯૨૭નો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. જે વિસ્તારોમાં કેસ નોંધાયા હતા તેમાં સૌથી વધુ અમદાવાદમાં ૨૬૧ કેસ નોંધાયા હતા જ્યારે સુરતમાં ૩૨, વડોદરામાં ૧૫, રાજકોટમાં ૧૨, પાટનગર ગાંધીનમાં ૧૧ અને સાબરકાંઠામાં ૨ નવા કેસ નોંધાયા હતા. મૃત્યુ પામેલ દર્દીઓ અંગે વાત કરતા અગ્ર સચિવ જયંતિએ રવિએ કહ્યું હતું કે, રાજ્યમાં ૨૪ કલાકમાં ૨૦ લોકોના મોત થયા છે. અમદાવાદમાં ૧૪, સુરતમાં ૩, પંચમહાલ, આણંદ અને મહેસાણામાં એક એક દર્દીના મોત થયા હતા.

રાજ્યમાં કુલ મોતનો આંકડો વધીને ૬૦૬ ઉપર પહોંચી ચુક્યો છે. મુખ્યમંત્રીના સચિવ અશ્વિની કુમારે જણાવ્યું છે કે, એનએફએસએ કાર્ડ ધારકોને અનાજ વિતરણ તારીખો જાહેર કરવામાં આવી છે. ઘંઉ, ચોખા, દાળ ખાંડા અને મીઠું એપ્રિલમાં જે રીતે આપવામાં આવ્યા હતા એ રીતે મે મહિનામાં આપવામાં આવશે. આ ઉપરાંત એનએફએસએ કાર્ડ ધારકોને ભારત સરકારની યોજના પ્રમાણે વધારાના સાડા ત્રણ કિલો ઘંઉ અને દોઢ કિલો ચોખા પણ આ સાથે જ આપવામાં આવશે. આ સમગ્ર વિતરણ ૧૭ મેથી ૨૭ મે સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. રાશનકાર્ડના છેલ્લા આંકડાના આધરે વિતરણ કરવામાં આવશે. ૧૭થી ૨૭ મે સુધી જે અનાજ વિતરણ કરવામાં આવશે તે અમદાવાદમાં વિતરણ કરાશે નહીં. અમદાવાદ શહેરના મધ્યમવર્ગીઓ પાસે એપીએલ કાર્ડ ધારકોને ૧૮થી ૨૩ મે વચ્ચે રાશન આપવામાં આવશે. આ વિતરણ પ્રક્રિયા પણ રાશન કાર્ડના છેલ્લા આંકડા પ્રમાણે રહેશે.

અગાઉ ગઈ ૨૧ એપ્રિલે ગુજરાત ૨,૧૭૮ પોઝિટિવ કેસ સાથે સમગ્ર દેશમાં બીજા સ્થાને સૌથી વધુ કેસ ધરાવતું રાજ્ય બન્યું હતું. તે પૂર્વે ૧૯ એપ્રિલે ગુજરાત ત્રીજા સ્થાને પહોંચ્યું હતું અને તે દિવસે ગુજરાતમાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૨,૬૨૪ હતી. આમ ૨૪ દિવસ બાદ ફરી ગુજરાત સમગ્ર દેશમાં ફરી ત્રીજા સ્થાને આવ્યું છે.

ધોબી, વાળંદ, ઈલેક્ટ્રિશિયન, કરિયાણા વેપારીઓ, શ્રમિકો તથા કારીગરો જેવા ૧૦ લોકોને આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના અંતર્ગત રૂ. ૧ લાખ સુધીની લોન રાજ્યની કો-ઓપરેટિવ બેન્કો, જિલ્લા સહકારી બેન્કો અને ક્રેડિટ સોસાયટી દ્વારા માત્ર ૨ ટકાના વાર્ષિક વ્યાજે આપશે. આવી લોન સહાય મેળવવા માટે લાભાર્થીએ માત્ર એક અરજી કરવાની રહેશે. આવી લોન પર ૧૦થી ૧૨ ટકાનો માર્કેટ રેટ લેવાતો હોય છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૭૧૭૧ | ૪૭૯ | ૨૩૮૨ |
| વડોદરા | ૬૨૦ | ૩૨ | ૩૭૧ |
| સુરત | ૧૦૧૫ | ૪૭ | ૬૩૪ |
| રાજકોટ | ૭૮ | ૨ | ૫૧ |
| ભાવનગર | ૧૦૩ | ૦૭ | ૬૯ |
| આણંદ | ૮૨ | ૮ | ૭૦ |
| ભરૂચ | ૩૨ | ૨ | ૨૫ |
| ગાંધીનગર | ૧૫૭ | ૫ | ૬૨ |
| પાટણ | ૩૫ | ૦૨ | ૨૨ |
| પંચમહાલ | ૬૮ | ૫ | ૪૮ |
| બનાસકાંઠા | ૮૩ | ૩ | ૪૯ |
| નર્મદા | ૧૩ | ૦ | ૧૨ |
| છોટા ઉદેપુર | ૨૧ | ૦ | ૧૪ |
| કચ્છ | ૧૪ | ૧ | ૬ |
| મહેસાણા | ૭૩ | ૩ | ૪૦ |
| બોટાદ | ૫૬ | ૧ | ૪૧ |
| પોરબંદર | ૪ | ૦ | ૩ |
| દાહોદ | ૨૦ | ૦ | ૧૧ |
| ગીર-સોમનાથ | ૨૩ | ૦ | ૩ |
| ખેડા | ૩૪ | ૧ | ૧૫ |
| જામનગર | ૩૪ | ૨ | ૩ |
| મોરબી | ૨ | ૦ | ૧ |
| સાબરકાંઠા | ૨૯ | ૨ | ૯ |
| અરવલ્લી | ૭૭ | ૨ | ૪૧ |
| મહીસાગર | ૪૮ | ૧ | ૩૫ |
| તાપી | ૨ | ૦ | ૨ |
| વલસાડ | ૬ | ૧ | ૪ |
| નવસારી | ૮ | ૦ | ૭ |
| ડાંગ | ૨ | ૦ | ૨ |
| સુરેન્દ્રનગર | ૪ | ૦ | ૧ |
| દેવભૂમિ દ્વારકા | ૧૨ | ૦ | ૦ |
| જુનાગઢ | ૪ | ૦ | ૨ |
| અમરેલી | ૦૧ | ૦૦ | ૦૦ |
| અન્ય રાજ્ય | ૦૧ | ૦ | ૦ |
| કુલ | ૯૯૩૨ | ૬૦૬ | ૪૦૩૫ |

## મોડાસાના અર્બન હેલ્થ સેન્ટરની ટીબી ટેકનેશિયન કોરોનાગ્રસ્ત યુવતીનો સંદેશ

### સોશિયલ મીડિયાના માધ્યમથી લોકોને કોરોના અંગે જાગૃતિ કેળવવા અપીલ

મોડાસા, તા. ૧૫

અરવલ્લીમાં કોરોના ધીમી અને મક્કમ ગતીથી પોતાની ભયાવહ જાળ પ્રસરાવી રહ્યો છે. જિલ્લામાં હોટસ્પોટ બનેલા મોડાસા શહેરમાં અત્યાર સુધી ૨૪ લોકો લોકો કોરોનામાં સપડાયા હતા જેમાંથી ૩૧ વર્ષીય યુવકનું મોત નીપજ્યું હતું. મંગળવારે મોડાસાના અર્બન હેલ્થ સેન્ટરમાં ટીબી ટેકનીશીયન તરીકે ફરજ બજાવતી અને ટ્રાન્સપોર્ટ નગરમાં રહેતી ૨૪ વર્ષીય ફૈઝ ઈપ્રોલીયા નામની આરોગ્યકર્મી યુવતી કોરોનાગ્રસ્ત બનતાં ચકચાર મચી હતી. લેબ ટેકનીશીયન યુવતીને સારવાર અર્થે કોવિડ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડી દેવામાં આવી હતી, કોરોનાગ્રસ્ત યુવતી ફૈઝ ઈપ્રોલીયાએ સોશ્યલ મીડિયામાં વિડીયો વાયરલ કરી કોરોના અંગે તકેદારી રાખવા જણાવ્યું હતું.



કોરોનાનું નામ પડતાની સાથે જ ભલભલા ફફડી ઉઠતા હોય છે, કોરોનાની મહામારીમાં લોકોની માનસિક સ્થિતિ બગડી ચુકી છે અનેક લોકો માનસિક સંતુલન ગુમાવી ચુક્યા છે ત્યારે કોરોનાગ્રસ્ત યુવતી ફૈઝ ઈપ્રોલીયાએ કોવીડ હોસ્પિટલમાંથી સોશ્યલ વિડીયો વાયરલ કરી જણાવ્યું હતું કે ૧૪ માસના બાળકને ઘરે મૂકી દેશ માટે કોરોના વોરિયર્સ તરીકે અર્બન હેલ્થ સેન્ટર મોડાસામાં ફરજ બજાવતી હતી કોરોના થી ગભરાવાની જરૂર નથી પરંતુ ઘરમાં પણ સોશ્યલ ડિસ્ટન્સ જાળવો તેમજ એક થાળીમાં જમવાનું બંધ કરો અને ઘરે રહો સુરક્ષિત રહોનું જણાવ્યું હતું. કોરોનાથી ગભરાવની જરૂર નથી પણ સાવચેતી રાખવી જરુરી હોવાનું અને કોરોનાને માનસિક રીતે સ્વસ્થ રહી હરાવી શકાય છે અને હાલ હું પણ સંપૂર્ણ સ્વસ્થ હોવાનું જણાવ્યું હતું.

## મે માસનું અનાજ વિતરણ ૧૭મીથી શરૂ કરાશે : સચિવ અશ્વિનીકુમાર

ગાંધીનગર,તા.૧૫

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ નિર્ણય કર્યો છે કે, વિશ્વવ્યાપી કોરોના વાયરસ કોવિડ-૧૯ની સ્થિતીને કારણે પ્રવર્તમાન લોકડાઉનની પરિસ્થિતીમાં રાજ્યના એનએફએસએ અને અંત્યોદય એવા કુલ ૬૮.૮૦ લાખ ગરીબ પરિવારોને સતત બીજીવાર મે મહિના માટે પણ વિનામૂલ્યે અનાજ વિતરણનો આગામી તા. ૧૭મી મે રવિવારથી પ્રારંભ કરવામાં આવશે. મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે જણાવ્યું કે, આ વિતરણ વ્યવસ્થા અમદાવાદ શહેર સિવાય સમગ્ર રાજ્યમાં તા.૧૭થી તા. ૨૬ મે દરમ્યાન ચાલુ રહેશે. તેમણે કહ્યું કે, રાષ્ટ્રીય અન્ન સુરક્ષા ધારા અંતર્ગત સમાવિષ્ટ કરાયેલા ૬૬ લાખ કાર્ડધારક પરિવારો અને એવા અંત્યોદય પરિવારો જે એનએફએસએમાં નોંધાયેલા નથી તેવા ૩.૮૦ લાખ એમ ૬૮.૮૦ લાખ પરિવારોની અંદાજે ૩ કરોડ ૩૬ લાખ જનસંખ્યાને આ વિતરણ અન્વયે ઘઉં, ચોખા, દાળ, ખાંડ અને મીઠું નિઃશૂલ્ક અપાશે. આ ઉપરાંત પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના પેકેજ અન્વયે પણ આ પરિવારોને ભારત સરકાર તરફથી મે મહીના માટે વધારાના ૩.૫૦ કિલો ગ્રામ ઘઉં વ્યકિતદિઠ તેમજ ૧.૫૦ કિલો ચોખા વ્યકિતદિઠ વિનામૂલ્યે વિતરણ થશે. મુખ્યમંત્રીના સચિવએ સ્પષ્ટપણે જણાવ્યું કે, પ્રવર્તમાન લોકડાઉનની સ્થિતીમાં આવા અંત્યોદય ગરીબ પરિવારોને ભુખ્યા સુવું ન પડે તેવી સંવેદના સાથે મુખ્યમંત્રીએ મે મહિના માટે પણ અનાજ વિતરણ વિનામૂલ્યે કરવાની જાહેરાત કરી છે. આ ઉપરાંત ભારત સરકાર દ્વારા પણ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ અન્વયે વધારાના ૩.૫૦ કિલો ઘઉં અને ૧.૫૦ કિલો ચોખા વ્યકિતદિઠ આપવામાં આવનાર છે. એટલે કે આ પરિવારોને કેન્દ્ર અને રાજ્ય સરકારની આ અનાજ વિતરણ વ્યવસ્થાનો લાભ એક સાથે મળશે. આ હેતુસર સમગ્રતયા તા.૧૭મે થી ૨૬ મે દરમ્યાન અમદાવાદ શહેર સિવાયના રાજ્યના અન્ય વિસ્તારોમાં સોશિયલ ડિસ્ટન્સીંગના નિયમો, ફરજીયાત માસ્ક વગેરેના અનુપાલન સાથે સરકાર માન્ય સસ્તા અનાજથી દુકાનનો પરથી અન્ન વિતરણ થવાનું છે. અશ્વિનીકુમારે કહ્યું કે, આ અનાજ વિતરણ વ્યવસ્થા સુચારૂ ઢબે થઈ શકે તે માટે એનએફએસએ રેશન કાર્ડધારકોના કાર્ડ નંબરના છેલ્લા આંકડા મુજબ વિતરણના દિવસો નિર્ધારીત કરવામાં આવ્યા છે.

## એસ્સાર ફાઉન્ડેશને અમદાવાદ સિવિલ હોસ્પિટલને ૨,૦૦૦ પીપીઈ કીટ્સ ડિલિવર કરી

કોવિડ-૧૯ સામેની લડાઈમાં રાષ્ટ્રીય સ્તરે પ્રયાસોની આવશ્યકતા છે ત્યારે એસ્સાર ફાઉન્ડેશન આપણા કોરોના વોરિયર્સ માટે ફરજ બજાવી રહ્યું છે. મહામારી સામે લડવામાં મદદરૂપ બનવા એસ્સાર કેર્સ પહેલ અંતર્ગત તાજેતરમાં અમે અમદાવાદ સિવિલ હોસ્પિટલના ૧૨૦૦ બેડ ધરાવતા કોવિડ-૧૯ વોર્ડને ૨૦૦૦થી વધુ પર્સનલ પ્રોટેક્શન ઈક્વિપમેન્ટ (પીપીઈ) કીટ્સ ઉપલબ્ધ કરાવી છે.

પ્રત્યેક કીટમાં નોન-વુવન ફુલ બોડી પ્રોટેક્ટિવ સ્યુટ, ૩ પ્લાય માસ્ક, સેફ્ટી ગોગલ્સ, હેન્ડ ગ્લોવ્ઝ, શુઝ કવર અને વેસ્ટ કલેક્શન બેગ સામેલ છે. સ્પેશિયલ ડ્યુટી ડો. પ્રભાકર તથા સિવિલ હોસ્પિટલના ઈન-ચાર્જ મેડિકલ ઓફિસર ડો. મનિશ સુતાનાને કીટ્સ સોંપવામાં આવી હતી. ડો. પ્રભાકર તરફથી પ્રશંસા અને ૧૫ મે ૨૦૨૦ના રોજ ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ ઉપર સ્વીકૃતિ આદર અનુભવીએ છીએ.

## ગુજરાતમાંથી ૪.૭૦ લાખ પરપ્રાંતિયનો વતન મોકલાયા

ગાંધીનગર,તા.૧૫

મુખ્યમંત્રી વિજય રૂપાણીના દિશાનિર્દેશનમાં રાજ્ય સરકારના વહિવટી તંત્રએ ભારત સરકાર સાથેના સંકલન દ્વારા શુક્રવાર તા.૧૫મી મે ની રાત્રી સુધીમાં દેશભરમાં સૌથી વધુ ૩૯૦ વિશેષ ટ્રેન દ્વારા કુલ ૫ લાખ ૩૬ હજાર જેટલા અન્ય રાજ્યોના શ્રમિકો-કામદારોને તેમના વતન રાજ્યમાં મોકલવાની સફળતાપૂર્વક વ્યવસ્થા કરી છે. મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે આ અંગેની વધુ વિગતો આપતા જણાવ્યું કે, ગુજરાતમાંથી તા.૧૪મી મે ની મધરાત સુધીમાં ૩૪૯ શ્રમિક સ્પેશિયલ ટ્રેન દ્વારા ૪ લાખ ૭૦ હજાર જેટલા શ્રમિકો તેમના વતન પહોંચ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું કે, ગુરૂવાર તા.૧૪મી મે મધરાત સુધીમાં ગુજરાતમાંથી ૩૪૯ ટ્રેનો રવાના કરવામાં આવી છે અને તેમાં કુલ ૪ લાખ ૭૦ હજાર પરપ્રાંતીયો શ્રમિકોને પોતાના વતન રાજ્યમાં કોઈપણ અડચણ કે મુશ્કેલી વગર પહોંચાડવામાં આવ્યા છે. હવે, શુક્રવારે મધ્યરાત્રી સુધીમાં વધુ ૪૧ ટ્રેન દ્વારા ૬૪ હજાર પરપ્રાંતિય શ્રમિકો તેમના વતન રાજ્ય ઉત્તરપ્રદેશ, બિહાર, ઓરિસા, છત્તીસગઢ વગેરેમાં જવા રવાના થશે. સમગ્રતયા, શુક્રવાર તા.૧૫મી મે ની મધ્યરાત્રી સુધીમાં આવી ૩૯૦ શ્રમિક સ્પેશ્યલ ટ્રેન મારફતે ૫.૩૬ લાખ શ્રમિકોને પોતાના વતન રાજ્ય પહોચાડવાની વ્યવસ્થાઓ થઈ છે. શુક્રવારે જે ૪૧ ટ્રેન ગુજરાતના અલગ અલગ જિલ્લાઓમાંથી રવાના થશે. તેમાં ઉત્તરપ્રદેશ માટે ૨૭, બિહાર માટે ૦૫ ટ્રેન, ઓરિસ્સા માટે ૦૨ ટ્રેન, છત્તીસગઢ-ઝારખંડ માટે ૧-૧ ટ્રેન તથા અન્ય રાજ્યો માટે ૧-૧ ટ્રેન દોડશે. આ વ્યવસ્થામાં અમદાવાદથી ૧૫ ટ્રેન, સુરતથી ૧૬ ટ્રેન, રાજકોટથી ૦૩ ટ્રેન, કચ્છ થી ૦૨ ટ્રેન તથા અન્ય જિલ્લાઓમાંથી ૧-૧ મળીને આજે મધરાત સુધીમાં રવાના થનાર ૪૧ ટ્રેનમાં વધુ ૬૪,૦૦૦ પરપ્રાંતીયો-શ્રમિકોને પોતાના વતન રાજ્યમાં પહોંચાડવામાં આવશે. મુખ્યમંત્રીના સચિવએ આ વિશેષ ટ્રેનો મારફતે ગુજરાતમાંથી જે શ્રમિકોને વતન મોકલવામાં આવી રહ્યા છે તેની વિગતો આપતા કહ્યું કે, પરપ્રાંતિયો મજૂરો, શ્રમિકો ખુબ સારી વ્યવસ્થા અને સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે સ્પેશ્યલ શ્રમિક ટ્રેનમાં તેમના વતન રાજ્ય જાય છે. એટલું જ નહિ, જિલ્લા વહિવટીતંત્ર આવા શ્રમિકોને રેલ્વે સ્ટેશન સુધી પહોચાડવાની વ્યવસ્થાઓ પણ કરવામાં આવે છે.

### નવ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે આ મહિલા છાલા સામુહિક આરોગ્ય કેન્દ્ર સાથે સારવાર માટે જતી હતી અને જેમ જેમ પ્રસુતિનો સમય નજીક આવતો હતો તેમ તે દહેગામની એક ખાનગી હોસ્પિટલની મુલાકાતે પણ ગઈ હોવાનું જાણવા મળેલ છે. આ મહિલાને સારવાર માટે ગાંધીનગર ખસેડવામાં આવી છે.

આજે કલોલ તાલુકામાં પણ પાંચ કેસ કોરોનાના પોઝીટીવ મળી આવ્યા છે. આ કેસો બધા લોકલ ટ્રાન્સમિશનથી થયાનુ જણાયું છે. જેમાં એક સાત વર્ષની બાળકીનો પણ સમાવેશ થાય છે. ઈન્દ્રપ્રસ્થ સોસાયટીમાં એક મહિલાનો કેસ મળી આવેલ છે જે મહિલાના પતિ કોરોનાની સારવાર હેઠળ છે જ. કલોલના કસ્બા વિસ્તારમાંથી પણ વધુ બે કેસ મળ્યા હોવાનું જાણવા મળેલ છે. કસ્બામાં નોંધાયેલ બે કેસમાં અગાઉ જે મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો તેના પતિ અને પુત્રનો રિપોર્ટ આજે પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત કલોલ તાલુકાના રાંચરડા ગામે આજે બીજો કેસ નોંધાયો છે જેમાં ૧૮ વર્ષનો એક યુવાન જે પોઝીટીવ જણાયો છે. છેલ્લા બે ત્રણ દિવસથી શાંત રહેલ દહેગામમાં આજે બે વધુ કેસ નોંધાયા છે. આ બન્ને આરોગ્ય વિભાગના કર્મયોગીઓ હોવાનું જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે એક મલ્ટીપરપઝ વર્કર જે સગદુલપુરના સબસેન્ટર ખાતે ફરજો બજાવે છે તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આ ઉપરાંત દહેગામ સી.એચ.સી. ખાતે લેબ. ટેકનીશ્યન તરીકે સેવા આપતી મહિલાનો રિપોર્ટ પણ પોઝીટીવ આવતાં તંત્રએ આંચકો અનુભવ્યો છે. તંત્ર દ્વારા આ કર્મચારીઓના કોન્ટેક્ટ પર્સન શોધવા અને તેની યાદી તૈયાર કરવાની કામગીરી હાથ ધરી દીધી છે. ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધી પાંચ કર્મયોગીઓ સંક્રમિત થયા હતા હવે આ સંખ્યામાં વધારો થઈ અને સાત પર આ આંક પહોંચ્યો છે. તંત્રમાં કર્મયોગીઓ કોરોનાથી સંક્રમિત થતાં દોડધામ મચી જવા પામી છે. જોકે હાલ તો તંત્રએ આ મુદ્દે ગંભીર મૌન ધારણ કરી લીધુ છે. તંત્રના અધિકારીઓ ફોન પણ રિસીવ કરતા નથી અને મૌન બની ગયા છે.

### ભૂપેન્દ્રસિંહ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૧૨ મેના રોજ ગુજરાત સરકારના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાને મોટો ઝટકો લાગ્યો હતો. ગુજરાત હાઈકોર્ટે ધોળકા બેઠક પર થયેલી વિધાનસભા ૨૦૧૭ની ચૂંટણીને રદ કરી દેવાનો આદેશ કર્યો હતો. ૨૦૧૭મા થયેલી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા માત્ર ૧૫૦ મતે જીત્યા હતા. આ મામલે ગુજરાત હાઈકોર્ટમાં પિટિશન થઈ હતી કે પોસ્ટલ બેલેટમાં ગરબડ કરી ભુપેન્દ્રસિંહને જીતેલા જાહેર કર્યા છે, તેથી તેમની ચૂંટણી રદ કરી દેવામાં આવે. ભુપેન્દ્રસિંહ સામે થયેલી પિટિશન અરજી ફગાવી દેવામાં આવે તેવી માગણી કરતી અરજી ભુપેન્દ્રસિંહ દ્વારા ૨૦૧૮મા થઈ હતી. ત્યારે ગુજરાત હાઈકોર્ટે ધોળકા વિધાનસભાની ચૂંટણી રદ ગણી હતી.

સુપ્રીમ કોર્ટના સ્ટે બાદ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ પોતાના ટ્વીટર પર સત્યમેવ જયતે લખીને કૉંગ્રેસના શક્તિસિંહ ગોહિલને જવાબ આપ્યો હતો. ચૂકાદા બાદ ભૂપેન્દ્રસિંહે ટ્વીટર પર લખ્યું હતું કે, ×સુપ્રીમ કોર્ટમાં સ્ટે મળી ગયેલ છે. સત્યમેવ જયતે.

### ૨ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉપરાંત સેમ્પલીંગની કામગીરી પર પણ વધુ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. શહેરમા આજે વધુ એક દર્દીને સાજા થઈ જતાં ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં અત્યાર સુધીમાં કુલ ૩૧ દર્દીઓ સાજા થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. મનપાના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે શહેરમાં નોંધાયેલ ૫૩ કેસ પૈકી ૩૧ દર્દીને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે અને હાલ ૨૧ દર્દી એક્ટીવ દર્દી તરીકે નોંધાયેલા છે. જ્યારે ૧ દર્દીનું સારવાર દરમ્યાન મોત નીપજ્યુ હતુ.

### રક્તદાતા બન્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એચ.બી.નું પ્રમાણ જે હોવુ જોઈએ તેટલુ હતુ નહિ. પ્રસુતિ વખતે જો વધારે બ્લીડીંગ થાય તો નવા પ્રશ્નો ઉભા થાય તેમ હતા. ગ્રામીણ વિસ્તારમાંથી આવેલી આ સગર્ભાઓ માટે હાલ તો સમસ્યા હળવી જરૂર બન છે પણ રક્તદાતાઓ ઝડપથી આગળ આવે તે જરૂરી છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે આ વોરિયર્સ દ્વારા રક્તદાન કરાયુ છે અને રોજ ત્રણથી ચાર સિવિલના કર્મચારીઓ રક્તદાન કરે તેવી વ્યવસ્થા પણ કરી હોવાનું સિવિલના સૂત્રોએ જણાવ્યુ છે.

### ખતરો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જરૂરી છે કે દરેક દેશમાં સમુદાયનો ફેલાવો ખરેખર જોવા મળે છે જ્યાં આ વૈશ્વિક રોગચાળો ભયંકર આકાર લીધો છે અને ભારત પણ માટે તૈયાર થવું જોઈએ અને તે જેવું છે તે રીતે કાર્ય કરવું જોઈએ અને નિવારણના તમામ જરૂરી પગલાં લેવા જોઈએ. રેડ્ડીએ કહ્યું કે સમુદાયનો ફેલાવો માત્ર જોખમ જ નથી પરંતુ ખરેખર તે એક ખતરો છે. રેડ્ડીએ કહ્યું કે, મલેશિયા સહિત દક્ષિણપૂર્વ એશિયાના દેશોમાં, ખાસ કરીને ભારતમાં, વૈશ્વિક રોગચાળો ફાટી નીકળ્યો તે દેશોની તુલનામાં દર લાખ લોકોમાં મૃત્યુ દર ઓછો હતો. એવા ઘણાં પરિબળો હોઈ શકે છે જેના કારણે ભારતમાં મૃત્યુ દરમાં ઘટાડો થાય છે, જેમ કે વધુ વસ્તી, અન્ડર-ગ્રામીણ વસ્તી અને લોકડાઉન જેવા નિવારક પગલાં. તેમણે કહ્યું કે જ્યારે લોકડાઉન ખુલશે ત્યારે કેટલાક જોખમો પેદા થઈ શકે છે, કારણ કે લોકોની હિલચાલ વધશે અને વાયરસના મોટા પ્રમાણમાં ફેલાવાની સંભાવના પણ વધશે. તેથી, અમારે મહત્તમ શારીરિક અંતર બનાવવું પડશે અને સતત માસ્ક પહેરવા અને હાથ ધોવા જેવી આદતોનું પાલન કરવું પડશે.

### અસમર્થ કંપની... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દાખલ અરજીઓ પર કેન્દ્ર પાસે જવાબ માંગ્યો છે. નોંધનીય છે કે કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ૨૯ માર્ચે ખાનગી મથકોએ નિર્દેશ આપ્યો હતો કે દેશવ્યાપી બંધ દરમિયાન પણ કર્મચારીઓને સંપૂર્ણ ચુકવણી આપવામાં આવે. ઔદ્યોગિક એકમોએ દાવો કર્યો હતો કે તેમની પાસે ચૂકવણી કરવાની કોઈ રીત નથી, કારણ કે ઉત્પાદન અટકે છે. અરજદારોએ સર્વોચ્ચ અદાલતને કહ્યું હતું કે, કોરોનાવાયરસ રોગચાળાને પગલે રાષ્ટ્રવ્યાપી લોકડાઉન દરમિયાન સંસ્થાઓને તેમના કર્મચારીઓ (ચુકવણી) ચૂકવવાથી સંપૂર્ણ મુક્તિ હોવી જોઈએ. આ અરજી મુંબઈ સ્થિત ટેક્સટાઈલ કંપની અને પંજાબ સ્થિત ૪૧ નાના પાયે સંગઠનોના જૂથ વતી કરવામાં આવી છે. અરજીમાં ગૃહ મંત્રાલયના ૨૯ માર્ચના આદેશને રદ કરવાની માંગ કરવામાં આવી છે. અરજદારોએ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫ ની કલમ ૧૦ (૨)ʼ() ની બંધારણીય માન્યતાને પડકાર્યો છે. પંજાબ સ્થિત લુધિયાણા હેન્ડ ટૂલ્સ એસોસિએશને દાવો કર્યો હતો કે ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫ હેઠળ ૨૯ માર્ચના ગૃહ મંત્રાલયના આદેશ, બંધારણની કલમ ૧૪, ૧૯ (૧) (જી), ૨૬૫ અને ૩૦૦ નું ઉલ્લંઘન છે, જેને પાછો ખેંચવો જોઈએ. જરૂરી.

### કૃષિક્ષેત્ર માટે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દરમિયાન પણ ખેડૂતો કામ ચાલુ રાખતા હતા. નાના અને મધ્યમ ખેડૂત ૮૫% વાવેતર ધરાવે છે. દેશની મોટી વસ્તી કૃષિ પર આધારીત છે. સરકારે ખેડુતોના કલ્યાણ માટે અનેક કાર્યો કર્યા. ૨ મહિનામાં, ખેડૂતોને ૧૮૭૦૦ કરોડ આપ્યા. ૨ કરોડ ખેડુતોને વ્યાજે સબસિડી આપવામાં આવી હતી. પાક વીમા યોજના હેઠળ આપવામાં આવેલ ૦૦ ૬૪૦૦ કરોડ કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા ખેડુતોને ૨ લાખ કરોડ અપાયા. દૂધ ઉત્પાદકોને ૫ હજાર કરોડની વધારાની ચુકવણી કરવામાં આવી હતી. રાષ્ટ્રીય પશુ રોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત ૧૩,૩૪૩ કરોડ આપવામાં આવશે. દેશમાં ૫૩ કરોડ પ્રાણીઓ છે. તેમને રસી આપવામાં આવશે. અત્યાર સુધીમાં ૧૫ લાખ ગાય અને ભેંસની રસી લેવામાં આવી છે. પગ અને મો હ્રૈજીટ્ટજીના રોગને દૂર કરવાનો સરકારનો ઉદ્દેશ છે. તેનાથી ડેરી ઉત્પાદનોની માંગમાં વધારો થશે અને ખેડુતોનું ઉત્પાદન સારી રીતે વેચશે. પશુપાલન હેઠળ ડેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારવા માટે ૧૫,૦૦૦ કરોડ આપવામાં આવશે. હર્બલ ફાર્મિંગને પ્રોત્સાહન આપવા માટે ૪૦૦૦ કરોડ આપવામાં આવશે. હર્બલ ફાર્મિંગ ૨.૨૫ લાખ હેક્ટરમાં થઈ રહ્યું છે. આગામી ૨ વર્ષમાં ૧૦ લાખ હેક્ટરમાં હર્બલ ફાર્મિંગ કરવામાં આવશે. ખેડૂતોની આવકમાં ૫૦૦૦ કરોડનો વધારો થશે. મેડિસિનલ પ્લાન્ટ બોર્ડ ગંગાના કાંઠે હર્બલ ફાર્મિંગને પ્રોત્સાહન આપશે. અગાઉ નાણાં પ્રધાને કહ્યું હતું કે દેશની મોટી વસ્તી ખેતી અને ખેતી પર આધારીત છે અને મોટાભાગના ખેડુતો ચોમાસા પર આધારીત છે. આ હોવા છતાં દૂધ, જૂટ, કઠોળ વગેરેના ઉત્પાદનમાં દેશ વિશ્વમાં ટોચ પર છે.

### જાહેરાત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

- પાક વીમા યોજનામાં આપવામાં આવેલ ૬૪૦૦ કરોડ
- દેશમાં આરોગ્ય અને સુખાકારી સંબંધિત ઉત્પાદનોનું ઉત્પાદન કરવા માટેનું ક્લસ્ટર
- કાર્બનિક અને હર્બલ ઉત્પાદનો માટે ૧૦ હજાર કરોડની સહાય
- પીએમ મત્સ્ય સંપદા યોજના માટે ૨૦ હજાર કરોડ
- ૭૦ લાખ ટન વધારાના ઉત્પાદનની અપેક્ષા છે
- ગાય, ભેંસ, બકરી ઉત્પન્ન કરતા પ્રાણીઓને રસી આપવામાં આવશે
- આ પ્રાણીના મોં અને ખૂફથી થતાં રોગોને દૂર કરશે
- ૧૩૩૪૭ કરોડ, ૫૩ હજાર કરોડ પ્રાણીઓના પેકેજને રસીકરણનો લાભ મળશે
- ડેરી ઉત્પાદનોના વૈશ્વિક માર્કેટિંગ માટે પેકેજની જાહેરાત
- હર્બલ ફાર્મિંગ માટે ચાર હજાર કરોડ રૂપિયાની જોગવાઈ, ૧૦ લાખ હેક્ટરમાં વાવેતર કરાશે
- પાંચ હજાર કરોડ રૂપિયા ખેડૂતોની આવક થશે
- મધના ઉછેર માટે ૫૦૦ કરોડનું પેકેજ
- ૨ લાખ મધ ઉછેર ખેડુતોને લાભ થશે
- અન્ય ફળો અને શાકભાજી ટીએએમ (ટામેટા, ડુંગળી બટેટા) યોજના હેઠળ લાવવામાં આવ્યા છે.
- નૂર અને કોલ્ડ સ્ટોરેજ માટે સરકારને ૫૦-૫૦ ટકા સબસિડી આપવામાં આવશે
- સરકાર ઈએસએમએ, ૧૯૫૫ કાયદામાં સુધારો કરવા જઈ રહી છે.
- તેમાં તેલીબિયાં, કઠોળ, ટામેટાં, બટાટા અને તેલ જેવા અનાજને બાકાત રાખવામાં આવી રહ્યા છે, જેથી ખેડુતો તેમને વિદેશમાં વેચી શકે.
- જો જરૂરી હોય તો આ ફૂડ પ્રોડક્ટ્સને ઈજીસ્છ કાયદા હેઠળ લાવી શકાય છે.
- ખેડુતોને અધિકાર છે કે તેઓ પોતાની પેદાશ કોઈપણ અને દેશમાં ક્યાંય પણ વેચવા સક્ષમ હશે.
- આ માટે સરકાર કાયદામાં સુધારો કરવા જઈ રહી છે.

### વિશ્વબેંક દ્વારા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ સિવાય એશિયન વિકાસ બેંકએ કોરોનાથી મદદ મેળવવા માટે ભારતને ૧.૫ અબજ ડોલરનું પેકેજ આપવાની જાહેરાત કરી હતી. તેનો ઉદ્દેશ્ય ભારત સરકારને ર્ઝ્રૈંડ્ઢ-૧૯ના પ્રસારને રોકવાની લડાઈમાં સામેલ કરવા અને કોરોના વાયરસના લીધે થનાર માનવીય, સામાજિક, અને આર્થિક નુકસાનને ઓછું કરવાનું છે.

### વિશ્વમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બધા દેશ પગલા લઈ રહ્યા છે પરંતુ હાલ બિનઅસરકારક સાબિત થઈ રહ્યા છે. વાયરસને કાબુમાં લેવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં રોગ પર કાબુ લેવામાં સફળતા હાથ લાગી રહી નથી. જ્યારે જાપાન, ચીન સહિતના દેશોમાં સ્થિતીમાં સુધારો થયો છે. ભારતમાં પણ હવે સ્થિતી ખરાબ થઈ રહી છે. કેસોની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. અમેરિકા, સ્પેન, ઈટાલી, યુકે, ફ્રાંસ, જર્મની જેવા દેશોમાં પણ કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ભારતમાં પણ આવી જ સ્થિતિ સર્જાયેલી છે. તમામ દેશોની સરકારો દ્વારા અનેક પગલાઓ લીધા હોવા છતાં કોરોના પર કાબૂ મેળવી શકાયો નથી. વિશ્વમાં અમેરિકા સૌથી વધુ પ્રભાવિત દેશ તરીકે ઉભરી આવ્યું છે.